सत्यमेव जयते

દાખલ તારીખ	૦૭/૧૨/૨૦૧૦
રજીસ્ટર તારીખ	૦૭/૧૨/૨૦૧૦
ફેંસલ તારીખ	૧૫/૦૪/૨૦૨૬
સમયગાળો	વર્ષ – માસ – દિવસ
	૧૫ – ૦૪ – ૦૮

મોટર એક્સીડન્ટ ક્લેઇમ ટ્રિબ્યુનલ અને
૮મા એડીશ્નલ ડીસ્ટ્રીક્ટ જજ સમક્ષ, મુ.ધોળકા, અમદાવાદ (ગ્રામ્ય)

એમ.એ.સી.પી.નં.૧૬૮/૨૦૨૧

જુનો એમ.એ.સી.પી. નં.૨૦૨૫/૨૦૧૦
આંક–

(૧) **ભગવાનસિંઘ દિલીપસિંગ શીખ ઉર્ફે બાવરે**
ઉ.વ.–૨૯, ધંધો–ડ્રાઈવીંગ,
રહે.ગુરૂદ્વારા પાસે, રેલ્વે સ્ટેશન પાછળ, મુ.મહેમદાવાદ,
તા.મહેમદાવાદ, જી.ખેડા. ....**અરજદાર**

વિરૂધ્ધ

(૧) **વાહન નં.જીજે–૧૮–એક્સ–૩૮૮૭ ના માલીક,**
પરેશકુમાર બાબુલાલ બારોટ
ઉ.વ.૪૦, ધંધો–વેપાર,
રહે.૩૩, અમુમૈયા સોસાયટી, ખોડીયાર માતાનાં મંદિર પાછળ,
હાટકેશ્વર મહાદેવ, ખોખરા, અમરાઈવાડી, અમદાવાદ.

(૨) **વાહન નં.જીજે–૧૮–એક્સ–૩૮૮૭ ની વિમા કંપની,**
ધી યુનાઈટેડ ઈન્ડિયા ઈન્શ્યોરન્સ કંપની લી.
ઠે.હબ, ૬ઠ્ઠો માળ, પુષ્પક બિલ્ડીંગ, ખાનપુર, અમદાવાદ.

.... **સામાવાળાઓ**

બાબત :– મોટર વ્હીકલ એક્ટની કલમ ૧૬૩–એ હેઠળ રૂા.૨,૭૭,૦૦૦/– નું વળતર મેળવવાની અરજી.

અરજદારપક્ષ તરફે વિ.વ.શ્રી ડી.એન.વકીલ,
સામાવાળા નં.૧ તરફે કોઇ નહીં,
સામાવાળા નં.૨ તરફે વિ.વ.શ્રી એસ.એચ.પટેલ,

–: ચુકાદો :–

કેસની ટુંકમાં હકીકત :–

૦૧. ગઇ તા.૦૮/૦૭/૨૦૦૯ ના રોજ અમો અરજદાર મહેન્દ્ર મેક્સ કે જેનો નં.જીજે–૧૮–એક્સ–૩૮૮૭ ની ચલાવીને બગોદરા થી ધોળકા માર્કેટમાં શાકભાજી ભરવા સારૂ નીકળેલા. સદર વાહન જ્યારે વાલથેરા ગામની સીમની આગળથી પસાર થતા હતા ત્યારે અસારવાર મીલની આગળ અચાનક બપોરનાં ૨.૩૦ વાગ્યાના સુમારે સદર વાહનનું ટાયર ફાટતા ગાડી પલ્ટી ખાઇ ગયેલ. આમ, સદર અકસ્માતમાં અમો અરજદારને ડાબા પગે ગંભીર પ્રકારનું ફ્રેક્ચર થયેલ. જેથી અમો અરજદારને અમદાવાદ સિવિલ હોસ્પીટલમાં અંદરનાં દર્દી તરીકે દાખલ કરેલા. ત્યારબાદ વારંવાર બતાવવા આવવાની તથા કસરત કરવાની સાલહ આપીને રજા આપવામાં આવેલી અને સદર અકસ્માત અંગે કોઠ પો.સ્ટે. માં ફ.ગુ.ર.નં.૧૮/૨૦૦૯ થી ગુનો દાખલ થયેલો છે.

અકસ્માત સમયે અમો અરજદારની ઉંમર ૨૯ વર્ષની હતી અને ડ્રાઇવીંગ કરી વાર્ષિક રૂ.૪૦,૦૦૦/– કમાતા હતા. જેથી અમો અરજદાર રૂ.૨,૭૭,૦૦૦/– પુરા ૧૨% ના વ્યાજ સાથે વળતરની માંગણી કરેલ છે.

૦૨. અરજી લગત સામાવાળાઓને નોટીસ કરતા સામાવાળાઓને નોટીસ બજી ગયેલી. ત્યારબાદ સામાવાળા નં.૧ તરફે કોઇ જવાબ રજુ કરવામાં આવેલ નથી. સામાવાળા નં.૨ તરફે આંક–૧૧ થી લેખિતમાં જવાબ રજુ કરેલ છે.

૦૩. અરજદારની વળતર અરજી તથા સામાવાળાના જવાબ ધ્યાને લઈ આંક–૧૩ થી નીચે મુજબના મુદ્દાઓ ઘડવામાં આવેલ છે.

ISSUES

(1) Whether the petitioner proves that h sustained injuries because of rash and negligent driving of the driver of the vehicle involved in the accident ?

(2) Whether the petittione is entitled to get the compensation as prayed for or any part thereof from the respondents or any of them?

(3) What order and award ?

૦૪. ઉપરોક્ત મુદ્દાઓ સંબંધે મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) મુદ્દા નં.૧ :– હકારમાં,

(૨) મુદ્દા નં.૨ :– ચર્ચા મુજબ હકારમાં,

(૩) મુદ્દા નં.૩ :– અંતિમ હુકમ મુજબ,

૦૫. અરજદારે પોતાની અરજી મુજબનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

(ક) <u>મૌખિક પુરાવો :–</u>

ક્રમ	**આંક**	**વિગત**
૧	૨૪	અરજદાર ભગવાનસિંઘ દિલીપસિંગ શીખ (બાવરે) નાઓની સોગંદ ઉપર સરતપાસની એફીડેવીટ

(ખ) <u>દસ્તાવેજી પુરાવો :–</u>

ક્રમ	**આંક**	**વિગત**
૧	૩૮	અકસ્માત અંગેની ટેલીફોનીક વર્ધીની નકલ
૨	૩૯	ગુનાવાળી જગ્યાનું પંચનામું
૩	૩૭	ઈન્જરી સર્ટિફીકેટ

૪	૩૮	કાયમી ખોડ ઘટાડી ૧૪% ગણવા અંગેની પુરસીસ
૫	૪૧	કાયમી ખોડ અંગેનું પ્રમાણપત્ર
૬	૪૨	સારવારનાં અસલ બીલ
૭	૪૫	આર.સી.બુકની નકલ
૮	૪૬	વિમા પોલીસીની નકલ
૯	૪૭	એમ.એ.સી.પી.નં.૮૩/૨૦૧૦ ના ચુકાદાની નકલ

૦૬. અરજદાર પક્ષે પુરાવો પુરો થતા આંક-૩૯ થી કલોઝીંગ પુરસીસ આપેલ છે. સામાવાળાઓનો તા.૦૫/૦૭/૨૦૨૫ ના રોજ પુરાવાનો હક્ક બંધ કરવામાં આવેલ છે.

૦૭. અરજદાર પક્ષે તરફે આંક-૪૩ થી લેખિતમાં દલીલ રજુ કરેલ છે.

૦૮. સામાવાળા નં.૧ તરફે કોઈ હાજર ન હોય તા.૧૧/૦૩/૨૦૨૬ ના રોજ દલીલોનો હક્ક બંધ કરવામાં આવેલ છે.

સામાવાળા નં.૨ તરફે આંક-૪૪ થી લેખિતમાં દલીલ રજુ કરેલ છે.

-: કારણો :-

મુદ્દા નં. ૧ અને ૨ : બેદરકારી તથા જવાબદારી અંગે :-

૦૯. અરજદાર હાલની અરજી એમ.વી.એક્ટની કલમ-૧૬૩એ મુજબ કરેલ છે અને એમ.વી.એક્ટની કલમ-૧૬૩એ નો મુખ્ય સિધ્ધાંત "નો ફોલ્ટ લાયેબીલીટી" નો છે અને અરજદારે એમ.વી.એક્ટની કલમ-૧૬૩એ માં માત્ર અકસ્માતમાં વાહન સંડોવાયેલ છે તે પુરવાર કરવાનું રહે છે અને અરજદાર અકસ્માતમાં સંડોવાયેલ વાહન તથા ઉંમર અને આવક પુરવાર કરે ત્યારે ટ્રિબ્યુનલ દ્વારા સેકન્ડ સિડ્યુઅલ એમ.વી.એક્ટની કલમ-૧૬૩એ મુજબ વળતર ચુકવવાનું રહે છે. વધુમાં એમ.વી.એક્ટની કલમ-૧૬૩એ માં અરજદારે મૃત્યુ કે કાયમી ખોડ અંગેના કેસોમાં સંકળાયેલ વાહનના માલીકની બેદરકારી કે ગેરકાયદેસર કૃત્ય પુરવાર કરવાનું રહેતુ નથી. વધુમાં “sub section (2) of section 163A of the M.V.Act provides that in any claim for compensation under sub section (1) the

claiment shall not be required to plead or establish that death or permanent disability in respect of which claim has been made was due to any wrongful act or negligence of default of the owner of the vehicle." હાલની આ અરજી એમ.વી.એક્ટની કલમ–૧૬૩એ ની જોગવાઈઓ હેઠળ દાખલ કરવામાં આવી હોય જેથી નો ફોલ્ટ લાયેબીલીટીનો સિધ્ધાંત ધ્યાનમાં લઈ આ ટ્રિબ્યુનલને ફક્ત અકસ્માતમાં વાહનની સંડોવણીને ધ્યાનમાં લેવાની જરૂર છે જેના પરીણામે સદર અકસ્માતનો બનાવ બનેલ છે.

વધુમાં અરજદાર તરફે આંક–૪૭ થી એમ.એ.સી.પી.૮૩/૨૦૧૦ નો ચુકાદો રજુ કરેલ છે. જે ચુકાદો ધ્યાનમાં રાખવામાં આવે તો તે આ જ અકસ્માતમાં ગુજરનાર રમેશભાઈ મલકુભાઈ જાદવનાં વારસદારોએ હાલનાં અરજદાર તથા સામાવાળાઓ સામે દાખલ કરેલ અને સદર વળતર અરજીનાં ચુકાદામાં વાહન નં.જીજે–૧૮–એક્સ–૩૮૮૭ નાં ચાલક,માલીક અને વિમા કંપની એટલે કે હાલનાં કામનાં અરજદાર કે જેઓ વાહનનાં ચાલક છે તથા સામાવાળાઓ કે જેઓ વાહનનાં માલીક તથા વિમા કંપની છે તેઓની અરજદારને વળતર ચુકવવાની જવાબદારી ઠરાવવામાં આવેલ છે. જેથી આ જ અકસ્માતની વળતર અરજીનીમાં બેદરકારી તથા જવાબદારી અંગે હુકમ થઈ ગયેલ હોય આંક–૪૭ થી રજુ એમ.એ.સી.પી.નં.૮૩/૨૦૧૦ માં વાહન નં.જીજે–૧૮–એક્સ–૩૮૮૭ ના ચાલક,માલીક અને વિમા કંપનીની જવાબદારી ઠરાવવામાં આવેલ છે.

સદર કામે સામાવાળા નં.૨ દ્વારા આંક–૪૪ થી લેખિતમાં દલીલ રજુ કરેલ છે અને જણાવેલ છે કે, સદર કામે આ જ અકસ્માત સંબંધી એમ.એ.સી.પી.નં.૮૩/૨૦૧૦ દાખલ કરવામાં આવેલ છે જેમાં અરજદારની બેદરકારી ઠરાવવામાં આવેલ છે અને અમો સામાવાળા નં.૨ અરજદાર જે વાહન ચલાવતા હતા તેનાં વિમા ધારક છીએ. જેથી અપકૃત્ય કરનાર ડ્રાઈવર પોતે પોતાની કંપની સામે કલેઈમ મેળવવા માટે હક્કદાર નથી. વધુમાં રજુઆત છે કે વિમા પોલીસીમાં લીગલ લાયેબીલીટી નીચે ડ્રાઈવરનું કોઈ પ્રિમીયમ લીધેલ નથી અને જે પ્રિમીયમ લીધેલ છે તે ટીએ ટુ ડ્રાઈવર એટલે કે

પર્શનલ એક્સીડન્ટનો લીધેલ છે તેથી વિમા કંપનીએ ડ્રાઇવરની લીગલ લાયેબીલીટી નીચે કોઇ પ્રિમીયમ લીધેલ ન હોય વિમા કંપનીની અરજદારને વળતર ચુકવવાની કોઇ જવાબદારી રહેતી નથી. વધુમાં રજુઆત છે કે અરજદાર પેઇડ ડ્રાઇવર છે તે પુરવાર કરી શકેલ નથી. જેથી વિમા કંપની અરજદારને વળતર ચુકવવા માટે જવાબદાર રહેતી નથી.

સામાવાળા નં.૨ નાઓની ઉપરોક્ત રજુઆત ધ્યાનમાં રાખતા આ કામે અરજદાર પોતે બનાવ સમયે વાહન ચલાવતા હતા અને એમ.એ.સી.પી.નં.૮૩/૨૦૧૦ ના કામે પણ અરજદાર બનાવ સમયે વાહન ચલાવતા હતા તેવુ ઠરાવેલ છે. જેથી આ કામનાં અરજદાર બનાવ સમયે વાહન નં.જીજે–૧૮–એક્સ–૩૮૮૭ માં ડ્રાઇવીંગ કરતા હતા તેવુ જણાઇ આવે છે.

વધુમાં આ કામે આંક–૪૬ થી વિમા પોલીસીની નકલ રજુ છે જેમાં પીએ ટુ ડ્રાઇવર રૂ.૧૨૦/– તથા કમ્પલ્સરી પીએ ટુ ઓનર ડ્રાઇવર રૂ.૨,૦૦,૦૦૦/– જણાવેલ છે. જેથી વિમા પોલીસી જોવામાં આવે તો તેમાં ડ્રાઇવરનું પ્રિમિયમ લેવામાં આવેલ છે અને પીએ ટુ ઓનર ડ્રાઇવર રૂ.૨,૦૦,૦૦૦/– તેવુ લખેલ છે અને તે મુજબનું પ્રિમિયમ પણ લીધેલ છે. જેથી સદર પોલીસી જોવામાં આવે તો પેકેજ પોલીસી છે તેવુ લખેલ છે અને ડ્રાઇવર ઓનરનું પ્રિમિયમ પણ લેવામાં આવેલ છે. જેથી હાલનાં અરજદાર બનાવ સમયે વાહન ચલાવતા હોય અને ડ્રાઇવરનું પણ પ્રિમિયમ લીધેલુ હોય તેથી વિમા કંપની અકસ્માત થાય તો ડ્રાઇવરને વળતર આપવા માટે બંધાયેલ છે તેવુ આંક–૪૬ થી રજુ પોલીસી પરથી સ્પષ્ટ જણાઇ આવે છે.

વધુમાં સામાવાળા નં.૨ તરફે ૨૦૦૮ એ.સી.જે. ૫૨૮ યુનાઇટેડ ઇન્ડિયા ઇન્શ્યોરન્સ કંપની લી. વિ. લાલજીભાઇ હમીરભાઇ એન્ડ અધર્સનો ચુકાદો રજુ કરેલ છે. સદર ચુકાદો વંચાણે લેવામાં આવે તો સદર કેસના સંજોગો અને હાલનાં કેસના અલગ અલગ છે. વધુમાં ૨૦૦૮ એ.સી.જે. ૨૦૧૨ અમીર અલી જાફર અલી ખોજા વિ. મહોમ્મદભાઇ ઉસ્માનભાઇ શેખનો ચુકાદો રજુ કરેલ છે. સદર ચુકાદો વંચાણે લેવામાં આવે તો સદર કેસના સંજોગો અને હાલનાં કેસના અલગ અલગ છે.

વધુમાં સામાવાળા નં.૨ તરફે ૨૦૨૩ એ.સી.જે. ૪૨૪ નેશનલ ઇન્શ્યોરન્સ કંપની લી. વિ. સુધા એન્ડ અધર્સનો ચુકાદો રજુ કરેલ છે. તેમાં એવુ જણાવેલ છે કે અરજદાર પોતાની જ ઇન્શ્યોરન્સ કંપની સામે કલેઇમ કરી શકે નહીં. સદર ચુકાદો વંચાણે લેતા તેમાં એવુ જણાવેલ છે કે અરજદાર પોતાની ઇન્શ્યોરન્સ કંપની સામે કલેઇમ કરી શકે નહીં પરંતુ હાલનાં કેસમાં અકસ્માતમાં સંડોવાયેલ વાહનનાં માલીક ધ્ધારા ડ્રાઇવરનું પ્રિમિયમ ભરેલ છે. જેથી સદર કેસના સંજોગો અને હાલનાં કેસનાં સંજોગો અલગ અલગ છે.

વધુમાં સામાવાળા નં.૨ તરફે સ્પેશીયલ સીવીલ એપ્લીકેશન નં.૧૫૫૩૩/૨૦૧૬ બજાજ એલાયન્ઝ જનરલ ઇન્શ્યોરન્સ કંપની લી. વિ. જીતેન્દ્રભાઇ ઠાકરસીભાઇ વૈધ્યનો ચુકાદો રજુ કરેલ છે. તેમાં એવુ જણાવેલ છે કે અરજદાર પોતાની જ ઇન્શ્યોરન્સ કંપની સામે કલેઇમ કરી શકે નહીં. સદર ચુકાદો વંચાણે લેતા તેમાં એવુ જણાવેલ છે કે અરજદાર પોતાની ઇન્શ્યોરન્સ કંપની સામે કલેઇમ કરી શકે નહીં પરંતુ હાલનાં કેસમાં અકસ્માતમાં સંડોવાયેલ વાહનનાં માલીક ધ્ધારા ડ્રાઇવરનું પ્રિમિયમ ભરેલ છે. જેથી સદર કેસના સંજોગો અને હાલનાં કેસનાં સંજોગો અલગ અલગ છે.

વધુમાં સામાવાળા નં.૨ તરફે ૨૦૦૯ એ.સી.જે. ૯૯૮ ન્યુ ઇન્ડીયા ઇન્શ્યોરન્સ કંપની લી. વિ. સદાનંદ મુખી એન્ડ અધર્સનો ચુકાદો રજુ કરેલ છે. તેમાં એવુ જણાવેલ છે કે અરજદાર પોતાની જ ઇન્શ્યોરન્સ કંપની સામે કલેઇમ કરી શકે નહીં. સદર ચુકાદો વંચાણે લેતા તેમાં એવુ જણાવેલ છે કે અરજદાર પોતાની ઇન્શ્યોરન્સ કંપની સામે કલેઇમ કરી શકે નહીં પરંતુ હાલનાં કેસમાં અકસ્માતમાં સંડોવાયેલ વાહનનાં માલીક ધ્ધારા ડ્રાઇવરનું પ્રિમિયમ ભરેલ છે. જેથી સદર કેસના સંજોગો અને હાલનાં કેસનાં સંજોગો અલગ અલગ છે.

વધુમાં અરજદાર તરફે આર/ફર્સ અપીલ નં.૩૬૮૨/૨૦૧૧ ભરથારામ મંગારામ ચૌધરી એન્ડ અધર્સ વિ. અશોકકુમાર ગમલદીરામ ખત્રી એન્ડ અધર્સનો ચુકાદો રજુ કરેલ છે. સદર ચુકાદો જોવામાં આવે તો ૧૬૩એ એમ.વી. એક્ટ મુજબનો છે અને સદર ચુકાદો વંચાણે લેવામાં આવે તો તેમાં ટેન્કરનાં ડ્રાઇવરની બેદરકારીથી અકસ્માત થતાં અકસ્માતમાં ટેન્કરનાં

ડ્રાઈવરનું મૃત્યુ થયેલુ અને તેના વારસદારો દ્વારા વળતરનો કેસ દાખલ કરવામાં આવેલો અને તે કેસ રદ્દ કરવામાં આવેલ અને સદર ચુકાદા સામે નામદાર શ્રી ગુજરાત હાઈકોર્ટમાં અપીલ કરતા નામદાર શ્રી હાઈકોર્ટ દ્વારા એવ ઠરાવવામાં આવેલ કે વિમા પોલીસી જોતાં તેમાં છ વ્યક્તિઓનું પ્રિમિયમ લેવામાં આવેલ છે જેથી વિમા કંપની પ્રિમિયમ લીધા બાદ વળતર ચુકવવાની જવાબદારીમાંથી છટકી શકે નહીં અને નામદાર શ્રી ગુજરાત હાઈકોર્ટ દ્વારા વિમા કંપની સામે વળતર ચુકવવાનો હુકમ કરવામાં આવેલ અને હાલનાં કેસમાં પણ આંક–૪૬ થી રજુ વિમા પોલીસી જોવામાં આવે તો તેમાં પીએ ટુ ડ્રાઈવર રૂ.૧૨૦/– તથા કમ્પલ્સરી પીએ ટુ ઓનર ડ્રાઈવર રૂ.૨,૦૦,૦૦૦/– જણાવેલ છે. જેથી વિમા પોલીસી જોવામાં આવે તો તેમાં ડ્રાઈવરનું પ્રિમિયમ લેવામાં આવેલ છે અને પીએ ટુ ઓનર ડ્રાઈવર રૂ.૨,૦૦,૦૦૦/– તેવુ લખેલ છે અને તે મુજબનું પ્રિમિયમ પણ લીધેલ છે. જેથી સદર પોલીસી જોવામાં આવે તો પેકેજ પોલીસી છે તેવુ લખેલ છે અને ડ્રાઈવર ઓનરનું પ્રિમિયમ પણ લેવામાં આવેલ છે. જેથી અરજદાર તરફે રજુ કરવામાં આવેલ ચુકાદો ધ્યાનમાં લેતા તથા આંક–૪૬ થી રજુ વિમા પોલીસી ધ્યાનમાં લેતા આ કામનાં સામાવાળા નં.૨ અરજદારને વળતર ચુકવવા માટે જવાબદાર હોવાનું ઠરાવવામાં આવે છે. જેથી ઉપરોક્ત ચર્ચા કર્યા મુજબ સામાવાળા નં.૨ નાઓની દલીલ માનવાપાત્ર રહેતી ન હોય તેમજ આંક–૪૭ થી રજુ ચુકાદો ધ્યાનમાં રાખતા તેમાં વાહનનાં માલીક અને વિમા કંપનીને જવાબદાર ઠરાવેલ હોય જેથી સદર કેસમાં પણ સામાવાળા નં.૧ અને ૨ નાઓની અરજદારને વળતર ચુકવવાની જવાબદારી સંયુક્ત તથા વિભક્ત રીતે વળતર ચુકવણી માટે જવાબદાર ગણવામાં આવે છે.

<u>મુદ્દા નં. ૩ : વળતરની રકમ :–</u>

૧૦. અરજદાર દ્વારા સામાવાળાઓ સામે રૂ.૨,૭૭,૦૦૦/– ૧૨% નાં વ્યાજ સાથે સામાવાળાઓ પાસેથી વળતર અપાવવા અરજ કરેલ છે.

૧૧. આ તબક્કે એ નોંધવુ યોગ્ય છે કે, એમ.વી.એક્ટની કલમ–૧૬૩એ હેઠળ, ૨૨ મે, ૨૦૧૮ ના રોજ સરકારી સુચના દ્વારા બીજા શેડ્યુઅલમાં નીચે મુજબ સુધારો કરવામાં આવ્યો છે.

<u>“ THE SECOND SCHEDULE ”</u>

SCHEDULE FOR COMPENSATION FOR THIRD PARTY FATAL ACCIDENTS/INJURY CASES CLAIMS:

1.	**(a)**	Fatal Accidents:Compensation payable in case of death shall be five lakh rupees.
	(b)	**Accidents resulting in permanent disability:** Compensation payable shall be = [Rs.5,00,000/- x percentage disability as per Schedule-I of the Employee's Compensation Act, 1923 (8 of 1923) Provided that the minimum compensation in case of permanent disability of any kind shall not be less than fifty thousand rupees.
	(c)	**Accidents resulting in minor injury :** A fixed compensation of twenty five thousand rupees shall be payable.
2.		On and from the date of 1st day of January, 2019 the amount of compensation specified in the clauses (a) to (c) of paragraph (1) shall stand increased by 5% annually.
3.		This notification shall come into form on the date of its publication in the Official Gazette”

જેથી ઉપરોક્ત કાયદાની બીજી અનુસૂચિમાં ઉપરોક્ત સુધારાને ધ્યાનમાં લેતા અરજદાર તરફે હાલની અરજી તેમને થયેલ ઈજા અંગે વળતર મેળવવાની કરેલ છે અને અરજદાર તરફથી આંક–૪૨ થી અનુક્રમ નં.૧ થી ૮ સુધીનાં દવાઓ તથા સારવારનાં બીલો રજુ કરેલ છે. વધુમાં આંક–૪૧ થી કાયમી ખોડનું સર્ટીફીકેટ રજુ કરેલ છે. વધુમાં આંક–૩૮ થી કાયમી ખોડ

૧૪% ગણવા અંગેની પુરસીસ રજુ કરેલ છે અને સદર પુરસીસ લગત સામાવાળા તરફે કાયમી ખોડ ૧૪% ગણવા સામે વાંધો નથી તેવો શેરો કરેલ છે. જેથી આંક–૩૮ થી રજુ કાયમી ખોડ ઘટાવા અંગેની પુરસીસ ધ્યાને રાખતા અરજદારની કાર્યક્ષમતા અને આવક પેદા કરવાની ક્ષમતાની નુકશાની ૧૪% ઠરાવવામાં આવે છે. જેથી અરજદાર કાયદાની બીજી અનુસૂચિનાં ક્રમાંક ૧(બી) મુજબ (5,00,000 x 14%) રૂ.૭૦,૦૦૦/– ના વળતર માટે હક્કદાર છે.

૧૨. <u>વ્યાજ અંગે :–</u>

(૧૨.૧) અરજદારો તરફથી ૧૨% નાં વ્યાજ સાથે સામાવાળાઓ પાસેથી વળતર અપાવવા રજુઆત કરેલ છે પરંતુ નામદાર શ્રી ગુજરાત હાઈકોર્ટે ન્યુ ઈન્ડીયા ઈન્શ્યોરન્સ કંપની લી. વિ. રાજકુમાર ધરમસીંગ – ૨૦૧૪ એસ.સી.સી. ઓનલાઈન જીયુજે ૧૩૫૫ ના ચુકાદામાં એવુ જણાવેલ છે કે,

> *7. In the light of the fact that in the case of **Josphine James v. United India Insurance Co. Ltd.** (supra), the Supreme Court has held that there was no justification for the Tribunal and the High Court in not applying the ratio of the decision of Association of Victims of Uphaar Tragedy and has awarded interest at the rate of 9% per annum, the court is of the view that the Tribunal was not justified in determining the rate of interest at 12% without any basis. Under the circumstances, the rate of interest is required to be reduced to 9% by following the decision of the Supreme Court in the case of **Municipal Corporation of Delhi v. Association of Victims of Uphaar Tragedy** (supra).*

(૧૨.૨) જેથી ઉપરોક્ત ચુકાદામાં ઠરાવ્યા મુજબ વળતરની રકમ ઉપર અરજીની તારીખથી ચુકવણી તારીખ સુધી વાર્ષિક ૯ ટકાનાં વ્યાજ દરે થતાં વ્યાજ અને ખર્ચ સાથે સામાવાળાઓ દ્વારા અરજદારને વળતરની રકમ ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે. આમ, ઉપરોક્ત મુદ્દા નં.૧ તથા ૨ નાં

નિર્ણયો હકારમાં આપવામાં આવે છે તથા મુદ્દા નં.૩ અંગે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

-: હુકમ :-

૧. અરજદારની વળતર અરજી નં.૧૬૮/૨૦૨૧ સામાવાળાઓ સામે **અંશત:મંજુર** કરવામાં આવે છે.

૨. અરજદાર આ કામના સામાવાળાઓ પાસેથી વળતરની રકમ પટે **રૂા.૭૦,૦૦૦/- (અંકે રૂપિયા સિત્તેર હજાર પુરા)** વળતર અરજી દાખલ કર્યા તારીખથી ચુકવણી તારીખ સુધી પ્રતિ વર્ષ ૯ ટકાનાં વ્યાજદરે થતી વ્યાજ અને ખર્ચની રકમ સાથે સંયુક્ત અને વિભક્ત રીતે વસુલ મેળવવા હક્કદાર ઠરાવવામાં આવે છે.

૩. સામાવાળાઓ વિરૂધ્ધ એવો હુકમ કરવામાં આવે છે કે તેઓએ આ હુકમની તારીખથી દિન-૩૦ માં ચુકવવાની થતી તમામ રકમ આ ટ્રિબ્યુનલની ઓફિસમાં સંયુક્ત અને વિભક્ત રીતે વચગાળાની રકમ બાદ કર્યા પછી (જો કોઇ એમ.વી. એક્ટ હેઠળ ચુકવેલ હોય) જમા કરાવવાનો નિર્દેશ કરવામાં આવે છે.

૪. સામાવાળાઓ તરફથી વળતરની રકમ ટ્રિબ્યુનલમાં જમા કરાવ્યેથી અરજદારની બાકી નિકળતી કોર્ટ ફી ની રકમ જો હોય તો કપાત કરી બાકીની રકમ અરજદારોને સરખા હિસ્સામાં વળતર તરીકે ચુકવવી.

૫. ઉપર મુજબની રકમ કપાત કર્યા બાદ બાકીની રહેતી રકમ અરજદારને RTGS/NEFT મારફતે ચુકવવી.

૬. અરજદાર ફીક્સ ડીપોઝીટ ઉપર વ્યાજનો દર સમયાંતરે મેળવવા હક્કદાર રહેશે, પરંતુ આ ટ્રિબ્યુનલની પુર્વ પરવાનગી વિના લોન અથવા એડવાન્સ મેળવવા હક્કદાર રહેશે નહીં.

૭. અરજદારે આજથી એક સપ્તાહની અંદર નીચેની વિગત સબમિટ કરવાનો નિર્દેષ કરવામાં આવે છે.

૧. અરજદારનું નામ સરનામા સાથે.

૨. અરજદારની બેંક અને શાખાનું નામ IFSC કોડ સાથે.

૩. બેંક પાસબુકના પ્રથમ પૃષ્ઠની નકલ, જેમાં અરજદારનો ફોટો ફરજીયાતપણે હશે, જે સંબંધિત બેંક દ્વારા યોગ્ય રીતે પ્રમાણિત થયેલ હશે, તે ઉપલબ્ધ કરાવવું.

વિમા કંપનીએ તથા ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન તથા અન્ય સંસ્થાઓએ તા.૨૭.૧૨.૨૦૨૧ ના પરિપત્રમાં નિર્દેશિત મુજબ, રકમ **Account Name :- ADDI DIST AND SESSN JUDGE DHOLKA MACP, Account No.**40723671129**, IFSC Code: SBIN**0000364 ખાતામાં જમાં કરાવવાનાં રહેશે અને આ રકમ જમા કરાવ્યેથી ઈન્શ્યોરન્સ કંપની અને ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન તથા અન્ય સંસ્થાનાઓએ રજીસ્ટ્રી ઓફ એડીશ્નનલ ડીસ્ટ્રીક્ટ કોર્ટ નાઓને બેંક એડવાઈઝ સાથે જાણ કરતો પ્રિસ્કાઇબ્ડ ફોર્મેટમાં જાણ કરવી.

વળતર ચુકવણીની વિગત નીચે મુજબ છે:

MACP No.	:	
On the file of (Claims Tribunal Name)	:	
Name of the Petitioner/s.	:	
Date of Award.	:	
Compensation Amount.	:	
Name of the bank who Deposit the amount.	:	
Income Tax Deduction at Source.	:	
Bank Transaction Ref. No.	:	

Unique Transaction Ref.
No. (UTR) No.

૮. અરજદારોની વળતરની રકમ NEFT/RTGS મારફતે તેમના બેંકનાં ખાતામાં જમા કરાવવાની રહેશે.

૯. વળતરની રકમ જમા થયેથી સામાવાળાઓએ પેમેન્ટ એડવાઈઝની ટ્રિબ્યુનલમાં અને અરજદારોને અથવા તેમના વકીલશ્રીને કરવી.

૧૦. આવકવેરા અધિનિયમનું ફોર્મ 16–A અરજદારને પ્રદાન કરવુ જોઈએ કે જેના વતી કપાત કરવામાં આવી છે જેથી કરીને તે કપાત કરેલ કરનું રિફંડ મેળવવા માટે સક્ષમ બને.

૧૧. સામાવાળાએ માનનીય સર્વોચ્ચ અદાલત દ્વારા નિર્ધારિત દિશાનિર્દેશો અને માર્ગદર્શિકાનું ***The Oriental Insurance Company Vs. Chief Commissioner of Income-Tax (TDS) in R/SPCA No.***4800/2000 ***decided on*** 05/04/2022 મુજબ પાલન કરવા–કરવાનો હુકમ કરવામાં આવે છે.

૧૨. રજીસ્ટ્રી, અરજદર/ઓ, પ્રતિવાદી/ઓ અને સંબંધિત બેંકોએ માનનીય સર્વોચ્ચ અદાલત દ્વારા ***Bajaj Allianz General Insurance Company Pvt. Ltd. Vs. Union of India & Ors. in W.P.(Civil) No.***534/2020 માં ઠરાવેલ નિર્દેશોનું પાલન કરવુ.

૧૩. હુકમ મુજબ હુકમનામુ દોરવુ.

હુકમ આજરોજ તારીખ ૧૫મી, માહે – એપ્રિલ, સને – ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૧૫/૦૪/૨૦૨૬
સ્થળ – ધોળકા

(પુર્વજીતસિંહ પ્રવિણસિંહ જાડેજા)
મોટર એક્સીડન્ટ ક્લેઇમ ટ્રીબ્યુનલ અને
૮મા એડીશ્નલ ડીસ્ટ્રીક્ટ તથા સેશન્સ જજ,
મુ. ધોળકા, અમદાવાદ (ગ્રામ્ય)
કોડ નં.૦૦૮૩૨